| Published Date: | Monday 17th August, 2020 | Publication: | Divya Bhaskar (Gujarati) [Mumbai] |
|---|---|---|---|
| Journalist: | Bureau | Page No: | 3 |
| MAV/CCM: | 18872/23.59 | Circulation: | 63,258 |

# વીજ ગ્રાહકોની સુવિધા માટે મોબાઈલ એપ્લિકેશન

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

સતત વધતી વીજગ્રાહકોની જરૂરયતને ધ્યાનમાં રાખીને, એપ્લિકેશનમાં વિવિધ ગ્રાહક-કેન્દ્રિત સુવિધાઓ રજૂ કરવામાં આવી છે. નવા એપ્લિકેશનથી ગ્રાહકો તેમના મીટર રીડિંગ સબમિટ કરી શકશે, ચુકવણીની રસીદો ડાઉનલોડ કરી શકશે, ફિંગરપ્રિન્ટ, ચહેરો આઈડી અથવા ઓટીપીની મદદથી લોગઈન કરી શકશે, નજીકના ગ્રાહક સંભાળ કેન્દ્ર / જીનિયસ પે કિયોસ્ક શોધી શકશે અથવા મહિનાના વપરાશની પદ્ધતિ પણ તપાસી શકશે. અદાણી ઈલેક્ટ્રિસિટીના એમડી અને સીઈઓ કંદર્પ પટેલે જણાવ્યું હતું કે, ગ્રાહક કેન્દ્રિતતા હંમેશાં અમારું કેન્દ્રબિંદુ રહ્યું છે અને એપ્લિકેશનનું અપગ્રેડ તેને આગળ વધવા માટેનું એક પગલું છે. ટેકનોલોજી અમને અમારા વિશાળ ગ્રાહક આધાર સુધી પહોંચવામાં અને તેમની બદલાતી આવશ્યકતાઓને વધુ સારી રીતે પૂર્ણ કરવામાં મદદ કરશે. એ પ્રક્રિયામાં ટેકનોલોજીને એકીકૃત કરવા માટે સતત કામ કરી રહ્યા છીએ. આ એપ્લિકેશનનું એક અપડેટ સંસ્કરણ, જેમાં ઘણી વધુ સુવિધાજનક સુવિધાઓ છે, ટૂંક સમયમાં રજૂ કરવામાં આવશે.